સામા પાંચમે સાબરમતીમાં ૧૫ હજાર મહિલાઓએ સ્નાન કર્યું

સતત ૪૭માં વર્ષે રાજયપાલને હસ્તે ગણેશોત્સવનું દીપ પ્રાગટય

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની સ્થાપના કાળથી સે-૨૨ના રંગમંચ પર શ્રી સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન થાય છે. ગુજરાતના પાટનગરમાં છેલ્લા ૪૭ વર્ષથી શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ અવિરતપણે ગણેશોત્સવનું આયોજન કરતી આવી છે. આ ઉત્સવ પ્રતિ વર્ષ નાત જાત કે ધર્મના બાધ વિના અબાલવૃદ્ધો સૌ સાથે મળીને ઉજવે છે. આ ઉત્સવ સાચા અર્થમાં લોક ઉત્સવ બની ગયો છે.

આ ગણેશોત્સવની ખાસિયત એ રહેલ છે કે આનું ઉદઘાટન ગુજરાત રાજયના રાજયપાલને હસ્તે જ થાય છે અને સતત ૪૭માં વર્ષે એ શિરસ્તો બરકરાર રહ્યો છે. ઉદઘાટન પ્રસંગે પ્રમુખ નિશિત વ્યાસે ગણેશ મહોત્સવની મહત્વતા સાથે સાર્વજનિક મહોત્સવની વિગતવાર માહિતી આપી હતી.

રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીજીએ શ્રીજીની આરતી ઉતારી અને દીપ પ્રાગટય કરી અખંડ ભારતમાં ગણેશજીના આર્શીવાદ અને કૃપાની વાત કરી હતી. રાત્રે કડી સર્વ વિદ્યાલયના વિવિધ શાળાના બાળકોએ પર્યાવરણની થીમ પર અદભુત કાર્યક્રમો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. ચેતના બુચે કર્યું હતું. જયારે કાર્યક્રમની રૂપરેખા દીના ડોડીયાએ આપી હતી. કલ્પેશ બાલપાંડે, ભાસ્કર બાલપાંડે, રાકેશ જાની અને હિરેન શાસ્ત્રીએ કાર્યક્રમને સફળ બનાવવામાં મુખ્ય યોગદાન આપ્યું હતું. દેવદીપ પ્રાગટય વખતે હુસેની કમિટીના આઝાદભાઈ, આદરણીય લાડબેન અને ઈનાયતભાઈ તેમજ દરિયાખાન પણ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમ માણવા શહેરના વિવિધ અગ્રણીઓ જેવા કે સુર્યસિંહ ડાભી, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમન વિઝુંડા, જયદીપ ઠાકોર, જયરાજસિંહ સરવૈયા તેમજ વિવિધ સંસ્થાના સમાજસેવી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આવનારા દિવસોમાં પણ ચડિયાતા કાર્યક્રમો જોવા માટે પ્રમુખ નિશિત વ્યાસે સૌને હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

આવતીકાલ તા. ૭-૯-૨૦૧૬ના રોજ બપોરે ૨ કલાકે જયોતિ મંડળ દ્વારા વિવિધ સ્પર્ધાઓ જેવી કે હલદી કંકુ આરતી સુશોભન ફુલદાની સુશોભન તેમજ ભજન રાખવામાં આવ્યા છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. તેજલ દલાલ અને શ્રી પૃથ્વી શાહ હાજર રહેવાના છે. તેમજ રાત્રે ગુજરાત માહિતી વિભાગના સૌજન્યથી ગુજરાતી સંગીત કાર્યક્રમ જેમાં મુખ્ય કલાકાર તરીકે આનલ વસાવડા તેમજ મિહિર જાની ઉપસ્થિત રહેશે તો સૌ નગરજનોને કાર્યક્રમનો લાભ લેવા મંત્રી કલ્પેશ બાલપાંડેએ જણાવ્યું છે.

@ગાંધીનગર

ગણેશોત્સવ - ત્રીજો દિવસ

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે બપોરના ૧.૩૦ કલાકે જયોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હલદી કંકુ, ભજન, આરતી, સુશોભન, ફુલદાની સુશોભન સહિતની સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત ગુજરાત સરકારના માહિતી વિભાગના સૌજન્યથી નિહાર મ્યુઝિકલ ગ્રૂપ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે હિન્દી ગુજરાતી ગીત સંગીતનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સંગીતનો રંગારંગ કાર્યક્રમ યોજાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્લોટ નં. ૭૮૭/૧, સે-૭-બી ખાતે રાત્રે ૮ કલાકે ૧૦૮ દિવડાની મહાઆરતી અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે.

● યુવક મિત્ર મંડળ દ્વારા સેકટર-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે કસુંબલ ડાયરો યોજાશે.

● સે-૨-ડી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રાત્રિના ૯.૦૦ કલાકે મેજીશીયનનો કાર્યક્રમ યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ યોજાશે તેમજ વિવિધ રમત સ્પર્ધાઓ યોજાશે.

● શ્રી સિદ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા ઘ-૧, વગડાવાળી માતાજી મંદિરના ચોકમાં સે-૩-એ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે નાટક યોજાશે.

● જય ગોગા યુવક મંડળ દ્વારા સે-૫-બીના મેઈન શોપીંગ સેન્ટરની સામે ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૩ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા રાત્રિના ૮.૦૦ કલાકે સાયોના ફ્લેટ, સરગાસણ ચાર રસ્તા પાસે, હડમતિયાના ગણેશ મહોત્સવ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

● સંસ્કાર ગ્રૂપ અને સાંઈનાથ યુવા ગ્રુપ દ્વારા શ્રી ગણેશ મહોત્સવ અંતર્ગત રાત્રિના ૯.૦ કલાકે સે-૨૪, અંબાજી મંદિરની સામે જ્ઞાન સાથે ગમ્મત તેમજ કિવઝ સ્પર્ધા યોજાશે.

વાતવાતમાં

● અહો વૈચિત્ર્યમ્!! ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ભારત સ્વચ્છતા મિશન અંતર્ગત દર માસની ૬ઠ્ઠી તારીખે 'સરપ્રાઈઝ' ચેકિંગ હાથ ધરવાનું નક્કી કરાયું છે. વળી, આ સરપ્રાઈઝ ચેકિંગ કરવા કોણ આવશે તે પણ સિવિલ હોસ્પિટલનું તંત્ર જ નક્કી કરશે અને તેનો રૂટ પણ અગાઉથી જ નિર્ધારિત કરાશે, આમાં 'સરપ્રાઈઝ' કઈ બાબતનું રહેશે??

● સેકટર-૪-ડીમાં એક ગાય કાદવ કીચડ યુકત ખાડામાં પડી ફસાઈ જવા પામી હતી. આ ગાયને તે વિસ્તારની આસપાસ રહેતા રહીશોએ એકઠા મળી બહાર કાઢી નવડાવી ધોવડાવી કેળા ખવડાવી જીવદયાનું પ્રસંશનીય ઉદાહરણ પુરું પાડયું હતું.

● સે-૧૬માં કોમર્શિયલ વિસ્તાર જયાં શહેરની મોટા ભાગની બેંકોની શાખાઓ આવેલી છે ત્યાં ચાલુ દિવસે બેકિંગ અવર્સ દરમિયાન ટ્રાફિકની સમસ્યા બેકાબુ બનતી જાય છે. આ ટ્રાફિક જામની સમસ્યાના મૂળમાં સાંકડો માર્ગ અને પાર્કિંગ લોટ સિવાય માર્ગ પર જ આડેધડ કરાતા વાહનોનું પાર્કિંગ છે પરંતુ તંત્ર કયારે આ અંગે યોગ્ય કાર્યવાહી કરશે તે તો રામ જાણે!!

● ગાંધીનગરના જાણીતા ફિઝિશ્યન કાર્ડિયોલોજિસ્ટ ડૉ. દર્શન પંડયા દ્વારા દર્દીઓને આપવામાં આવતી કેસ ફાઈલ પર લખવામાં આવેલ લખાણ દર્દીઓને ઘણું જ હૃદયસ્પર્શી લાગી રહ્યું છે. ફાઈલ પર અંગ્રેજીમાં લખવામાં આવ્યું છે કે 'દવા એ સંપૂર્ણ વિજ્ઞાન નથી, હું મારી આવડત અને અનુભવના આધારે નિર્ણય લઉં છું, તમે જોખમ લો છો કે કદાચ હું ખોટો પણ પડી શકું. અને હું કોઈ ખાત્રી આપી શકતો નથી પરંતુ આપની સંભાળ લેવાનો મારો પ્રયત્ન પ્રમાણિક રહેશે.'

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેને હોસ્પિટલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૬

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર શહેરની

હોસ્પિટલની મુલાકાત ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન આશિષભાઈ દવે એ લીધી હતી. ગુડા ચેરમેન હોસ્પિટલ સંકુલના વિવિધ વોર્ડ તેમજ વિભાગોમાં ફરીને સ્વચ્છતા અંગે ચકાસણી કરી હતી. આ પ્રસંગે હોસ્પિટલના આરએમઓ ડો.કલ્પેશ શાહ સહિત સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ભારત સરકારે સ્વચ્છતા પર વિશેષ ભાર મુક્યો છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને પણ સ્વચ્છ રાખવા માટે અધિકારીઓ કમરકસી રહ્યા છે. સફાઈ અભિયાન અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ કાર્યક્રમો પણ રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.ત્યારે જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં દરમાસના પહેલા સપ્તાહમાં સ્વચ્છતા ઝુંબેશને અનુલક્ષી વીવીઆઈપી દ્વારા ચેંકીગ હાથ ધરવામાં આવે છે. ગુડાના ચેરમેન આશિષ દવે એ અચાનક હોસ્પિટલની મુલાકાત લેતા તંત્રમાં હલચલ મચી જવા પામી હતી. આ પ્રસંગે તેમની રાઉન્ડમાં હોસ્પિટલના આરએમઓ ડો.કલ્પેશ શાહ, એએચએ સુનિતાબેન, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિબેન, એસઆઈ ભરતભાઈ, પ્રકાશભાઈ તેમજ સિક્યુરીટના સુપરવાઈઝર મુકેશભાઈ હાજર રહ્યા હતા. જેમાં ઓપીડી બિલ્ડીંગ, કેશબારી, તાત્કાલીક વિભાગ, સ્પેશ્યલ રુમ, પિડિયાટ્રીક વોર્ડ સહિત નવી બિલ્ડીંગમાં આવેલ વોર્ડમાં ફરીને દર્દીઓને ખબર અંતર અંગે પુછપરછ કરી હતી. જયારે ગુડા ચેરમેન આશિષભાઈએ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સિમિતિની કામગીરીની પુછપરછ કરી હતી જયારે વારંવાર ઉઠતી ફરીયાદોને લઈ પીઆઈયુ વિભાગની કામગીરી ઝડપી બને તે દિશામાં યોગ્ય કરવા જણાવ્યું હતું. જયારે વોર્ડની બહાર દર્દીઓ બેસી રહે છે ત્યાં ટીવી સેટ મુકવા, સહિત સફાઈ અંગે વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. જયારે હોસ્પિટલ તંત્ર દ્વારા પણ યોગ્ય કરવા હૈયાધારણા આપવામાં આવી હતી.

આવતીકાલે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે 'નેશનલ આઈટી કવીઝ' યોજાશે

જિલ્લા કક્ષાની આ સ્પર્ધાની દસ વિજેતા ટીમો રાજયકક્ષાએ જશે : રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ટીમને રૂ. ૧ લાખ અને રનર્સ અપ ટીમને રૂ. ૫૦ હજારનું રોકડ ઈનામ અપાશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગુજકોસ્ટ દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આઈટી તથા કોમ્પ્યુટર ક્ષેત્રે જાણકારી મેળવે અને ટેકનોલોજી સાથે કદમ મિલાવી પ્રગતિ સાધે તે હેતુથી ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓ માટે ટાટા કન્સલટન્સી સર્વિસીઝ-ટીસીએસ કંપનીના સહયોગથી વિદ્યાર્થીઓ માટે 'નેશનલ રૂરલ આઈટી કવીઝ સ્પર્ધા ૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કવીઝ સ્પર્ધા તા. ૮મી સપ્ટેમ્બર ગુરુવારના રોજ સવારે ૯ કલાકે સે-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ડીજીટલ ઈન્ડિયા' દ્વારા દેશમાં તમામ નાગરિકો ટેકનોલોજી અને કોમ્પ્યુટર સાથે ઘરોબો કેળવતા થાય તેવું સ્વપ્ન સેવ્યું છે. ગુજકોસ્ટ દ્વારા ટીસીએસના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે આયોજિત કરાયેલ નેશનલ રૂરલ આઈટી કવીઝ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને આઈટી ક્ષેત્રે રસ લેતા કરવામાં મહત્વનો ભાગ ભજવશે. આ આઈટી કવીઝમાં દરેક શાળામાંથી કુલ ત્રણ ટીમ ભાગ લેશે. જેમાં પ્રત્યેક ટીમમાં ધો-૮ થી ધો-૧૨ સુધીના તમામ વર્ગના બાળકોનો સમાવેશ કરાશે. કવીઝમાં દરેક ટીમ માટે પ્રથમ એલિમીનેશન ટેસ્ટ લેવાશે.

નેશનલ રૂરલ આઈટી કવીઝની પ્રથમ દસ વિજેતા ટીમો રાજય કક્ષાની આઈટી કવીઝ માટે ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરશે. રાજયકક્ષાની સ્પર્ધા તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરના સે-૧૭માં ટાઉનહોલ ખાતે યોજાનાર છે. રાજયકક્ષાએ વિજેતા ટીમ રિજિયોનલ કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. રિજિયોનલ કક્ષાએ પ્રથમ ક્રમાંકે વિજેતા થનાર ટીમને રૂ. ૧૦ હજાર, રનર્સ અપ થનાર ટીમને રૂ. ૭ હજારનું રોકડ ઈનામ આપવામાં આવશે. જયારે રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થનાર ટીમને ટીસીએસ દ્વારા રૂ. ૧ લાખનું અને રનર્સ અપ ટીમને રૂ. ૫૦ હજારનું રોકડ ઈનામ આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લનાર તમામ વિદ્યાર્થીઓને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પ્રમાણપત્ર અપાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સે-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે.

વલાદ ગામમાં મારામારીની ઘટનાથી પરિસ્થિતિ તંગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક સ્થિત વલાદ ગામમાં આજે સવારે ગાયને ભગાડવા ધોકો માર્યા બાદ બે ગ્રામજનો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી અને ત્યારબાદ ઠાકોર યુવાને રબારી વૃધ્ધને દાંતી ફટકારી દીધી અને વૃધ્ધે લાકડી ફટકારી ઠાકોર યુવાનને મારતા બંને ઘાયલ થયા છે. બંને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટનાથી ગામના રબારી અને ઠાકોરો વચ્ચે ઘર્ષણ થાય તેવી દહેશતને પગલે સઘન પોલીસ પેટ્રોલીંગ ગોઠવી દેવામાં આવ્યું છે. હાલ ગામમાં પરિસ્થિતિ તંગ છે. ડભોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

વલાદ ગામમાં રહેતા ૪૦ વર્ષીય રમેશભાઈ રતાજી ઠાકોરને ઘરે સાત ભેંસો છે. વાડામાં ભેંસોને ખવડાવવા ઘાસ નાંખેલું હતું. એક ગાય ફરતા ફરતા વાડામાં આવીને તે ઘાસ ખાવા લાગી હતી. રમેશભાઈ જોઈ જતા ગાયને ભગાડવા ધોકો માર્યો હતો. ગાયને મારતા જોઈને સામેની તરફ બુટ પોલીસ કરવા ઉભા રહેલા ગામના જવારભાઈ જેરામભાઈ રબારી (ઉ.વ. ૬૦) રમેશભાઈ પાસે ગયા અને શું કામ ગાયને મારે છે તેમ કહેતા રમેશભાઈએ કહ્યું કે તારી ગાય નથી તો શું કામ માથાકુટ કરે છે તેમ કહી રમેશભાઈએ દાંતી ઉઠાવીને જવારભાઈને મારી હતી. જવારભાઈએ લાકડી લઈ આવીને રમેશભાઈને મારતા બંનેના હાથમાં ઈજાઓ થતા હોસ્પિટલમાં લઈ જવાયા છે. ડભોડા પોલીસે જવારભાઈની ફરિયાદ લઈને ગુનાની તપાસ શરુ કરી છે. રબારી અને ઠાકોર વચ્ચે થયેલી મારામારીથી ગામમાં પરિસ્થિતિ તંગ થવા પામી છે. ગામનું ઉશ્કેરાટ ભર્યું વાતાવરણ જોઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગામમાં પીસીઆર વાન સાથે ત્રણ પોલીસ જવાનોને સતત પેટ્રોલીંગ કરવા સુચના આપી દેવામાં આવી છે.

સારાંશ ફાઉન્ડેશન દ્વારા વિશિષ્ટ બાળકોની વિશિષ્ટ સ્કૂલનો પ્રારંભ

ગાંધીનગર, તા.૬

વિશિષ્ટ બાળકો માટે સમાંતર શિક્ષણની નવતર શરૂઆત સારાંશ ફાઉન્ડેશન દ્વારા ડીપીએસ ગાંધીનગર ખાતે કરવામાં આવી છે.

સારાંશ ફાઉન્ડેશનના દ્રષ્ટા શ્રી અપૂર્વ ગોયન્કાની હાજરીમાં વિશિષ્ટ બાળકો (ઓટિઝમના લક્ષણ ધરાવતા) એ જ રીબન કાપીને આજ રોજ શિક્ષણનો શુભારંભ કરાવ્યો હતો.

પ્રથમ દિવસે બાળકો અને તેમના માતા પિતા સાથે વ્યકિતગત રીતે ઔપચારિક વાતચીત તથા ટીચર-વિદ્યાર્થી અને માતા પિતાના ત્રિઆયામી સેતુ રચવાના ઉદ્દેશ્ય સાથે શાળાની શરૂઆત કરવામાં આવી હતી.

કનોડીયા હોસ્પિટલનો લેબ આસીસ્ટન્ટ લાપતા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક સુઘડ ગામે રહેતો ૪૦ વર્ષીય યુવાન ગણપતભાઈ બેચરભાઈ પરમાર કનોડીયા હોસ્પિટલમાં લેબોરેટરી આસીસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. ગઈ કાલે સવારે નવ વાગ્યે ઘરેથી નોકરી કરવા જવાનું કહીને નિકળેલા ગણપતભાઈ હજુ ઘરે પરત ન ફરતાં પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અડાલજ પોલીસે ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધી લાપતા થયેલ યુવાનની શોધખોળ શરુ કરી છે.

સે-૭-સીમાં નવરાત્રિ નિમિત્તે ગુરુવારે મીટીંગ

ગાંધીનગર, તા.૬

સેકટર-૭-સી નવરાત્રિ સમિતિ દ્વારા આગામી નવરાત્રિ ઉત્સવના આયોજન અંગે તથા સમિતિના હોદ્દેદારોની વરણી તા. ૮મીએ ગુરુવારે રાત્રિના સાડા આઠ કલાકે શિવશકિત મંદિર ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરેલ છે. જેમાં સે-૭સીના વસાહતીઓએ હાજર રહેવા મહામંત્રીશ્રી તળજાભાઈ દેસાઈએ જણાવેલ છે.

લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે તા. ૪-૯-૨૦૧૬ના રવિવારના રોજ વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં વાલીઓએ ભાગ લીધો હતો અને પોતાના મંતવ્ય ખુબ જ નિખાલસતાપૂર્વક સ્વયંભૂ રીતે રજુ કર્યા હતા. આ પ્રસંગે પ્રસિધ્ધ શિક્ષણવિદ શ્રી દિપકભાઈ તેરૈયા કે જેઓ રાષ્ટ્રીયકક્ષાએ ખુબ જ સારા તાલીમ શાસ્ત્રી તરીકે જાણીતા છે તેમણે વાલીઓનું માર્ગદર્શન કર્યું હતું. સંસ્થા માટે ગૌરવની બાબત એ છે કે શ્રી દિપકભાઈ તેરૈયા પોતે પણ એક વાલી છે.

ચિરવિદાય

- સ્વ. ગગલદાસ ધનજીભાઈ પરમાર, ઉ.વ. ૭૫
- સ્વ. કમલાદેવી રઘુરાજસિંહ, ઉ.વ. ૭૨
- સ્વ. કિશોરકુમાર છગનલાલ પરમાર, ઉ.વ. ૫૯
- સ્વ. વિઠાજી મંગાજી ઠાકોર, ઉ.વ. ૭૫

સામા પાંચમે સાબરમતીમાં ૧૫ હજાર મહિલાઓએ સ્નાન કર્યું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલ ધોળેશ્વર મહાદેવ મંદિર પાસે સાબરમતી નદીના કિનારે સામાપાંચમ નિમિતે આજે અંદાજે ૧૫ હજારથી મહિલાઓએ સ્નાન કર્યું હતું. ધોળેશ્વર ખાતે સવારથી જ જિલ્લાભરમાંથી મોટીસંખ્યામાં મહિલાઓ આવી પહોંચતા મેળાનો માહોલ જામ્યો હતો. બપોરથી સાંજ સુધી દોઢ કિલોમીટરના માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. સાબરમતી નદીમાં સ્નાન કરીને મહિલાઓએ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મહિલાઓએ સામાપાંચમ નિમિતે ભજન-કિર્તન, જપ-તપ કરીને પુણ્યનું ભાથુ બાંધ્યું હતું.

ભાદરવા સુદ પાંચમના દિવસે આ વ્રત થાય છે. આ દિવસને રૂષિપંચમી તરીકે પણ ઓળખાય છે. ખાસ કરીને સ્ત્રીઓ જાણે અજાણે થતાં દોષોની નિવૃતિ માટે આ વ્રત કરે છે અને આ વ્રત કરવાથી દોષમુક્ત થાય છે. આ દિવસે નદી તેમજ તળાવના કિનારે સ્નાન કરીને આખો દિવસ ઉપવાસ કરવામાં આવે છે. આ ઉપવાસમાં ફળાહાર અને સામો ખાવાનું પણ વિશેષ મહત્વ રહેલું છે. મહિલાઓ જપ, તપ, ભજન કિર્તન કરીને યથાશકિત દાન પુણ્ય કરીને પુણ્યનું ભાથુ બાંધે છે. ત્યારે ગાંધીનગર પાસેથી પસાર થતી સાબરમતી નદીના કિનારે ધોળેશ્વર મહાદેવ મંદિરે હજજારોની સંખ્યામાં જિલ્લાભરમાંથી મહિલાઓ સ્નાન કરવા ઉમટી પડી હતી. સવારથી જ કલોલ, માણસા તેમજ અમદાવાદ તરફથી મોટીસંખ્યામાં માનવ મહેરામણ ઉમટતા મેળાનો માહોલ જામ્યો હતો. ધોળેશ્વર જતા માર્ગે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. મહિલાઓ નદી કીનારે બેઠેલા નાગરીકોને ઘઉં, બાજરી અને રૂપીયાનું યથા શકિત દાન કર્યું હતું. સાબરમતી નદીનો પટ આજે મહિલાઓથી ભરાયેલો જોવા મળ્યો હતો. મહાદેવના દર્શન કરવા પણ લાંબી લાઈનનો સામનો કરવો પડ્યો હતો. મહિલાઓએ સામાપાંચમની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી.